**પ્રમુખ શ્રી : અરવિંદભાઈ સંઘવી**

**ઉપપ્રમુખ : પ્રવિણા ગાંધી**

**મંત્રીશ્રી : અશોક ગાંધી**



સ્નાનથી તન, દાનથી ધન અને
સહનશીલતા થી મન શુદ્ધ બને છે.

# સફળતા

સફળતાની સાપ-સીડી : સફળતાની સાપ સીડી હંમેશા બતાવાય છે. પરંતુ વાસ્તવિકતામાં આ શું છે આવો વિદ્વાનોના વિચારો અને સફળ લોકોના કામથી સમજીએ કે સરળતાથી સીડીનો માર્ગ કેવો છે અને કેવા ઘર્ષણના સાપ રસ્તો રોકી શકે છે.

સફળતાની સીડી : - તમે સર્વશ્રેષ્ઠ હોય તેવો જુસ્સો રાખો. ચેમ્પિયન બનવા માટે તમે સર્વશ્રેષ્ઠ છો એવું માનીને ચાલવું જોઈએ. જો ન હોય તો પણ દેખાવું જોઈએ કે તમે શ્રેષ્ઠ છો. આ વિચાર એક સંકલ્પની જેમ છે જે તમારે જાતે સાબિત કરવાનું છે. - મોહમ્મદ અલી

હિંમતથી સીમાઓ ઓળંગવી જોઈએ : વરસાદમાં પક્ષી છુપાવાની જગ્યા શોધે છે. પરંતુ બાજ વાદળો ઉપર ઉડે છે, વાસ્તવિકતામાં એક સમસ્યા છે, ફર્ક એટિટ્યુટનો હોય છે.

- એપીજે અબ્દુલ કલામ

અમેરિકન રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન બિઝનેસમાં બે વખત ફેલ થયા. કોંગ્રેસની ચૂંટણીમાં હાર્યા. સીનેટની ચૂંટણીમાં હાર્યા. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી પણ હાર્યા. હિંમત ન છોડી. એટલી સફળતા પછી રાષ્ટ્રપતિ બન્યા.

પોતાને બદલો, નહીં તો ગુલામ બનશો : જો તમને સમયની કદર નથી તો એ વાતની શંકા ?

અવરોધના સાપ : લોકો તો ટીકા કરશે જ.

પહેલાં તમને નજર બાર કરશે. પછી તમારા પર હસશે. તમારા સાથે ઝઘડશે. તે પછી તમારી જીત થશે અને સફળતા મળશે. - મહાત્મા ગાંધી

જોનસ સ્લેકે જ્યારે પહેલી પોલિયો વેક્સીન બનાવી તો તેને ખતરનાક ગણાવાઈ. તેને કિચન કેમિસ્ટ સુધી કહેવામાં આવ્યું. પરંતુ સ્લેકે પહેલાં વાનર પર તેનો ઉપયોગ કર્યો. તેમણે વેક્સીનને પહેલાં પોતાના પર પછી પોતાના પરિવાર પર ચકાસી.

સમય નીકળી ગયો છે એમ લાગશે : પરિસ્થિતિ અને જરૂરિયાત પ્રમાણે જો જાતે નહીં બદલાઓ તો પોતાને તે જ સ્થળ પર અનુભવશો. જ્યાંથી તમે તમારી યાત્રા શરૂ કરી હતી. - લાઓત્સે

ગાર્ડનર રિચ એન્ડ કંપનીના સીઈઓ ક્રિસ ગાર્ડનરે ગરીબીમાં દીકરા સાથે રેલવે સ્ટેશન પર રાત વિતાવી. પછી જાણ થઈ કે શેર બજારમાં કામ કરીને અમીર બને છે. તો તે શીખ્યું. આજે તે દુનિયાના અમીર લોકોમાં ટોચ પર છે.

ડર તમને આગળ વધવા નહીં દે : મોટા ભાગના લોકોને જીવનમાં અસફળતા મળે છે. જે ડરીને હાર માની જાય છે. એ જાણ્યા છે કે તે લોકોના ગુલામ બની શકો છો જે ફાયદો ઉઠાવવામાં માહિર છે. સમય સાથે પોતાને બદલવા જોઈએ.

- બ્રેડન એ ટ્રેઆન

વોલ્ટ ડિઝનીએ ૨૦ વર્ષની ઉંમરે પહેલી કંપની શરૂ કરી. સારી સફળતા મળી પરંતુ તેનું દેવાળુ ફૂંકાયું. ફેરફાર કર્યા. થોડા પૈસા લઈને હોલીવુડમાં આવી ગયા.

દિશા નથી તો ચક્કર લગાવશે : પ્રયાસ અને લક્ષ્ય નક્કી કરવું પર્યાપ્ત નથી. જો કોઈ પાસે તેના પર આગળ વધવાની દિશા નથી. તો કોઈ ઉદ્દેશ્ય નથી. - જોન એફ. કેનેડી

લિયોનાર્દો દા વિંચીની મોનાલિસા પેઇન્ટિંગ ફેમસ છે. ૧૪૫૨માં જન્મેલા વિંતચીને તે સમયે આજના સમયે વિમાન, પેરાશૂટ અને ટેન્ક જેવી ડિઝાઈન બનાવી હતી. એનોટોમીમાં ખૂબ જ કામ કર્યું. પોતાની કલ્પનાઓને દિશા આપી.

લક્ષ્ય પસંદગીનું હોય, લોકોએ કહેલું નહીં : મારો શોક મારું કામ છે. આ મને દરરોજ સંતોષ આપે છે. તાકાત આપે છે. આ શોખને હું હંમેશા પૂરો કરતો આવી રહ્યો છું.

- ડેવિડ બેકહામ

સ્ટીવન સ્પીલબર્ગને ફિલ્મોનો ખૂબ જ શોખ હતો. બાળપણમાં હોમ મુવી મેકરથી ફિલ્મો બનાવવા લાગ્યા. ૧૨ વર્ષની ઉંમરે સ્ક્રિપ્ટ પર ૧૬માં પહેલી સાયન્સ ફિક્શન ફિલ્મ બનાવી.

મનપસંદ મેરેજ બ્યુરો
મનપસંદ Marriage Bureau
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક,
મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઈસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Ph. : 26466208/9, 9376163226, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com
૨૦૧૪ - યુવા મેળાની કેન્ડીડેટના બાયોડેટાની ફોર કલર બુક મળશે.

Rupesh A. Shah
Financial Advisor
• Mutual Funds • Deposites
• Gold • Asset Allocation
• Retirement Planning
A-8, Sarang Flat, U.C.O. Bank Flats, Hirabaug, Ambawadi, Ahmedabad - 380 006.
E-mail : rpsshh@yahoo.co.in, rupeshshah@ymail.com
M. : 9998067377 (R) 079-26427377

મો. : ૭૮૨૪૨ ૮૯૯૯૭
નવકાર ક્લીનીક
ડૉ. અમીત કે. દોશી
B.H.M.S.
General Physician
E-mail : navkarclinic@gmail.com



મને હાજર જવાબી જીભ આપવાને બદલે હાજર જવાબી હાથ આપો.



## બારભાયા પરિવારનું ગૌરવ

# CA દિશા બારભાયા

મમ્મી-પપ્પા ની લાડકી
કાકા-કાકી ની વ્હાલી
ભાઈઓ માટે પ્રેરણારૂપી
ચિ. દિશા બારભાયા
બા-દાદા ના આશીર્વાદથી
CA ફાઈનલની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે,
તેને ખૂબ ખૂબ અભિનંદન

॥ શુભેચ્છક ॥

સ્વ. છબીલદાસ વીરચંદ બારભાયા (દાદા)
સ્વ. મધુબેન છબીલદાસ બારભાયા (દાદી)
ભૂપેન્દ્રભાઈ છબીલદાસ બારભાયા (પપ્પા)
બિંદુબેન ભૂપેન્દ્રભાઈ બારભાયા (મમ્મી)
મુકેશભાઈ છબીલદાસ બારભાયા (કાકા)
મીનાક્ષીબેન મુકેશભાઈ બારભાયા (કાકી)
હર્ષ, સાવન, દિવ્ય (ભાઈઓ)

# નિમિત્ત - ઉપાદાન

નિમિત્ત-ઉપાદાન સંબંધ આપણા જીવનની દરેક પરિસ્થિતિ સાથે જોડાયેલો છે. એક ખેડૂત પાસે બે ઘડા હોય છે. એ ઘડાઓને લાકડીથી બાંધી કૂવામાંથી પાણી ભરી એ ખેતરમાં નાંખતો. આ બેમાંથી એક ઘડામાં કાણું હતું. બીજો ઘડો કાણા વગરનો હતો. એ વાતનું ઘડાને બહુ અભિમાન હતું. એ કાણાવાળા ઘડાની મજાક ઉડાવતો. ત્યારે એ ઘડાને આશ્વાસન આપતા ખેડૂતે કહ્યું, આ વખતે ખેતર તરફ જઈને ત્યારે રસ્તા પર નજર નાખજે. ઘડામાંથી જ્યાં પાણી ટપકી રહ્યું હતું એની નીચેની જમીનમાં ફૂલોનો બગીચો ઊગી નીકળ્યો હતો. કહેવું મુશ્કેલ છે કે બગીચો ફૂટેલા ઘડાને કારણે ઉગ્યો કે બીજની પોતાની ક્ષમતાને કારણે ? આવો હોય છે નિમિત્ત-ઉપાદાનનો સંયોગ. નિમિત્ત ઉત્પાદનની જોડી આપણા જીવનમાં આવો જ કાંઈ સાપ-સીડીનો ખેલ રચે છે. તો ચાલો આ નિમિત્ત-ઉપાદાનની ક્રોસવર્ડ પઝલને ઉકેલવાનો પ્રયત્ન કરીએ.

નિમિત્ત એટલે સંજોગ, સાધન, પરિસ્થિતિ. કોઈ પણ કાર્યની ઉત્પતિની અનુકૂળ પરિસ્થિતિ એટલે નિમિત્ત. આપણી આજુબાજુ ઘણી બધી પરિસ્થિતિઓમાં નિમિત્તની બોલબાલા જોવા મળે છે. આજકાલની text languageમાં કહીએ તો નિમિત્ત એટલે ૩ R- right person, right perspective એક right time. ઉત્તરાધ્યયન સૂત્રમાં આપણને પ્રત્યેક બુદ્ધના ઉદાહરણ મળી આવે છે, જ્યાં નિમિત્ત મળ્યું અને પૂર્ણ જ્ઞાનનો પ્રકાશ છવાઈ ગયો.

તો બીજી બાજુ ઉપાદાન એટલે વસ્તુની સહજ શક્તિ-સ્વાભાવિક શક્તિ. કાર્ય થવા માટે વસ્તુની તે સમયની યોગ્યતા. જીવના સંદર્ભમાં કહીએ તો સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર પામવાનું જીવનું પોતાનું સામર્થ્ય, શક્તિ. ઉદાહરણ તરીકે બીજમાં જેમ સામર્થ્ય હોય છે - છોડ બનવાનું અને બગીચો બનવાનું.

આ ઉપાદાન સાથે ત્યારે નિમિત્ત જોડાય છે ત્યારે જે સંબંધ રચાય છે એ જરા અટપટો હોય છે. કોઈ પણ કાર્યમાં નિમિત્ત અને ઉપાદાન જોડાયેલા હોય છે અને છતાં એ બંને સ્વતંત્ર અને જુદા છે. આ બંને વચ્ચેનો સંબંધ હોય છે એકદમ સહજ અને સુંદર જાણે કે દૂધમાં સાકર કે સોનામાં સુગંધ કે પછી જાણે કોઈ magnetic connection - પણ એનો મતલબ એ નથી કે નિમિત્તને કારણે કોઈ કાર્ય થાય છે. નિમિત્ત એ કર્તા નથી. વસ્તુના સ્વતંત્ર સ્વભાવની સમજણ અને સ્વીકાર એ જ તો આપણા જૈન દર્શનની માસ્ટર કી છે. જે આને પકડી લે એનું જીવન જ યાત્રા બની જાય. જગતના બીજા જીવો, દ્રવ્યો, પરિસ્થિતિ પરની પરાધીનતાનો એક ઝટકે છેદ ઊડી જાય છે. ઉદાહરણ તરીકે આપણી આજુબાજુ આપણે કેટકેટલા સંબંધોના તાણાવાણામાં જોડાયેલા હોઈએ છીએ, જાણે એના વગર જીવન જીવી જ ન શકાય, પણ દરેક કાર્ય ઉપાદાન પ્રમાણે થાય છે એવી દ્રવ્યની સ્વતંત્રતા પર આપણી જિંદગીના કેમેરાનું ફોકસ આવી જાય તો આખો નજરિયો જ બદલાઈ જાય છે. અહીં મને કવિ સુરેશ દલાલની પંક્તિઓ યાદ આવે છે, આવશે તો આવવા દઈશ, જશે તો જવા દઈશ, આપણો સંબંધ તો નિંદ પહેલાનું ઝોકું.

બસ આવી પરદ્રવ્ય પ્રત્યે સાચી ઉદાસીનતા જાગે તો વીતરાગતાના હાઈ-વેનું ગ્રીન સીગ્નલ મળી ગયું સમજો. પછી તો જાણે મેકઓવર થઈ જાય છે. કોઈ વ્યક્તિ આપણી નિંદા કરે અથવા અપશબ્દો કહે તો સામાન્ય રીતે આપણો રિસ્પોન્સ એ રહેવાનો કે આ વ્યક્તિએ મને ગુસ્સો અપાવ્યો કે આ વ્યક્તિને કારણે મને ગુસ્સો આવ્યો, પણ આ આખી પરિસ્થિતિમાં નિમિત્ત-ઉપાદાનની ફોર્મ્યુલા નાખીએ તો આખા દાખલાનો જવાબ જ બદલાઈ જાય છે. ખરેખર તો આપણે પોતાના જ્ઞાનસ્વભાવથી હટીને નિમિત્ત દૃષ્ટિમાં ગયા. એટલે ક્રોધરૂપી પરિણામ આવ્યું. નિમિત્ત-ઉપાદાનની સાચી સમજણ આપણને આપણી પોતાની અનંત શક્તિ, સંપદા અને સામર્થ્યનો અહેસાસ કરાવે છે. પછી નથી રહેતી બહારની સામગ્રીની અપેક્ષા કે નથી રહેતો કોઈ નિમિત્તનો ઇંતઝાર. જાણે જિંદગીના ફોલ્ડરમાંથી હંમેશ માટે બહાનાઓની ફાઈલ ડીલીટ થઈ જાય છે.

એક પ્રસંગ યાદ આવે છે : એક પ્રોફેસરને એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળવા આવે છે. બધા પોતાના પ્રોબ્લેમનું પોટલું ખોલીને બેસી જાય છે. પ્રોફેસર બધું ચૂપચાપ સાંભળે છે અને કોફી બનાવવાનું શરૂ કરે છે અને વિદ્યાર્થીઓને ટ્રેમાંથી કોફી માટેના કપ પસંદ કરવાનું કહે છે. નાના, મોટા, સસ્તા, મોંઘા, સાદા, ડિઝાઈનવાળા કેટકેટલા જાતના કપમાંથી કપ પસંદ કરવામાં વિદ્યાર્થીઓ મંડી પડે છે ત્યારે કપ પસંદ કરીને આવેલા વિદ્યાર્થીઓનો પ્રોફેસર કહે છે તમે કપ પસંદ કરવામાં કેટલો બધો સમય નાખી દીધો. મહત્વનું શું છે ? કોફી. કોઈ પણ કપમાં પીઓ એનાથી શું ફરક પડે છે ? ક્યાંક નિમિત્તરૂપી કપ પાછળ આપણી ઉપાદાનરૂપી કોફી વેડફાઈ તો નથી રહીને ? તો ચાલો પ્રયત્નની પાળ પર પગલા પાડીએ. સામે પાર મોક્ષ માટેના નિમિત્તો ક્યારની આપણી રાહ જોઈ રહ્યા છે.

('પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર) - ડો. હેમાલી સંઘવી



બહાનું થોડા વખત આપણો બચાવ કરી શકે,
હંમેશ માટે નહીં.

# સ્વથી સમષ્ટિ સુધી

મુંબઈમાં ગ્રાંટ રોડ સ્ટેશન પાસે 'મુંબઈ સર્વોદય મંડળ' છેલ્લાં ૬૦ વર્ષથી ચાલે છે. ગાંધી સાહિત્યનો પ્રચાર એ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ છે. ભારતી શાહ છેલ્લાં ૧૦ વર્ષથી ત્યાં માનદ સેવા આપે છે. ગાંધી સાહિત્યનો, ગાંધી વિચારનો પ્રચાર કરી ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા વાંચવા આપીને, એની પરીક્ષા લેવાય છે.

આ વર્ષે ૨ ઓક્ટોબરના દિવસે એ પ્રવૃત્તિ માટે મારી પત્ની ભારતી આર્થર રોડ જેલમાં ગઈ હતી. ત્યારે જેલરે કહ્યું કે ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આખું અઠવાડિયું મહાત્મા ગાંધીજીના જીવન અંગેના જુદા જુદા કાર્યક્રમ રકાખ્યા છે. તેથી ૫ ઓક્ટોબરના દિવસે જેલના કેદીઓ માટે 'મહાત્મા' પિક્ચર બતાવવાનું અમે નક્કી કર્યું હતું. એ દિવસે મને જેલમાં અનુભવ થયો તે તમારી સૌની સાથે વહેંચવા ઈચ્છું છું.

(૧) જેલમાં કેદીઓની સંખ્યા સગવડ કરતાં ૪ ગણી વધુ હતી.

(૨) કેદીઓની સરેરાશ ઉંમર ૩૦ વર્ષ હતી.

(૩) જાણી જોઈને ગુનો કરનાર વ્યક્તિઓ ૨૫ થી ૩૦ ટકા હતા.

બાકીના ગુનેગારોમાં ગુનેગારો સાથે એક યા બીજી રીતે અજાણતા જોડાયેલા હતા. દા.ત. કોઈ એક ગુનેગાર કોઈ એક ગુનામાં સંડોવાયેલો હોય ત્યારે બીજા ૫-૭ એ સમયે ત્યાં તમાશો જોતા ઊભા હોય, તેને પણ પોલીસ પકડીને જેલમાં નાખી દે. ત્યાંના જેલરને મળીને સુખદ અનુભવ થયો. શ્રી હર્ષદ બી. અભિરાવ જેલ સુપ્રિન્ટેન્ડન્ટ. બહુ જ સજ્જન હતા. એમનો પ્રયત્ન એવો છે કે કેદીઓ ત્યાંથી બહાર નીકળીને સારા વિચારને વર્તન સાથ સામાન્ય જીવન જીવે. એટલું જ નહીં પરંતુ એમનું જીવન ઉચ્ચકક્ષાએ પહોંચે. તેઓ પોતે સંપૂર્ણ નિર્વ્યસની છે.

લગભગ ૨૫૦ થી ૩૦૦ કેદીઓને પિક્ચર બતાવ્યા બાદ મારી તેમની સાથે વાતચીત થઈ. મેં તેમને બહુ જ સહજભાવે કહ્યું કે તમે કરેલી મોટા ભાગની ભૂલો ગાંધીજીએ પણ કરી હતી પરંતુ એ ભૂલમાંથી બહાર આવીને તેઓ આત્મામાંથી મહાત્મા બન્યા. હું અને તમે બંને આત્માને ઉપર લઈને જીવન સુધારી શકીએ. ઘણા કેદીઓ એવા હતા કે જેમને ૧૦-૧૫-૩૦ દિવસની સજા થઈ હોય અને જામીન મળી હોય પરંતુ જામીનના પૈસાની સગવડ ન થતાં મહિનાઓ અને વર્ષો સુધી જેલમાં હોય.

જાણીને આનંદ થાય કે એ કેદીઓમાંના ઘણા કવિ, શાયર, ચિત્રકાર કે ગાયક હતા. કોઈક એવી નબળી ક્ષણે ગુનો થઈ જતાં તેમનું જીવન રાહ બદલીને ખોટે માર્ગે ચડી ગયું. જેલના અધિકારીઓની અને સમાજના તમારા મારા જેવા સૌની ફરજ છે કે એમનું યૌવનધન વેડફાઈ ન જાય.

મારા પૂ. પિતાજી કહેતા કે આપણે કેટલા સુખી છીએ એ જાણવા નિયમિત હોસ્પિટલ અને સ્મશાનની મુલાકાત લેવી જોઈએ. મારો ઉમેરો છે, જેલની મુલાકાત પણ લેવી જરૂરી છે.

- ભારતીબેન અને ભરતભાઈ શાહ

**કશું ના હોય ત્યારે "અભાવ" નડે છે,**
**થોડું જ હોય ત્યારે "ભાવ" નડે છે,**
**જીવનનું આ એક કડવું સત્ય છે,**
**બધુ જ હોય ને ત્યારે**
**"સ્વભાવ" નડે છે.**


**YOGTHERAY CLINIC**

Yogtherapy as Additional Therapy-Consultations for many kinds of diseases

**Dr. Ketan Dholakia**
M. D. (Anesthesiologist)

Consultant Allopathic Doctor & Yog Therapist

at **Shrey Hospital**

B/s. AMCO Bank, Nr. Stadium Cross Roads, Navarangpura, Ahmedabad-380 009 • Time: 6 to 8 pm • Monday to Saturday

Book Appointment : 98255 78055-94095 41362

E-mail: dr.ketandholakia9@gmail.com
Website: www.yogtherapyclinic.com

**Try Once Before Operation**

Please bring all reports - papers & prescriptions with you.

# શાંતિની તલાશ

પૃથ્વી પરનો હરેક માનવી શાંતિ શોધે છે. વિજ્ઞાનની અકલ્પનીય પ્રગતિ થવા છતાં મને ભૌતિક સમૃદ્ધિ વધવા છતાં માનવીને સુખશાંતિ નથી. શાંતિ કેવી રીતે પ્રાપ્ત થાય ? નીચેના શ્લોક તેનું રહસ્ય પ્રગટ કરે છે -

औदार्य हृदये स्यात् चेत् चरित्रं सुंदरं भवेत् ।
चरित्रं सुंदरं स्यात् चेत् सामंजस्य गृहे भवेत् ॥
सामंजस्य गृहे स्यात् चेत् राष्ट्रं सुशृंखलं भवेत् ।
राष्ट्र सुशृंखलं स्यात् चेत् शांति: पृथ्व्यां ध्रुवं भवेत् ॥

શ્લોકમાં પાંચ સોપાન છે - ઔદાર્ય, ચરિત્ર, સામંજસ્ય, સુશૃંખલા અને શાંતિ.
ક્રમશઃ સોપાનોનો અર્થ લઈએ.

જો હૃદયમાં ઉદારતા હોય તો ચરિત્ર સુંદર હશે. 'ઉદાર' એટલે શું ? સામાન્ય અર્થ છે - દાનશીલ, ત્યાગશીલ. વિશેષ ઊંડો અર્થ લઈએ તો બુદ્ધિ અને મન બંને રીતે ઉદારચિત્ત હોય તેવી વ્યક્તિ. કેટલાક લોકો પોતાના વિચારને, મતને વળગી રહે છે. સ્થિતિચુસ્ત અને જડ હોય છે, પરંતુ ઉદારચિત્ત વ્યક્તિનું હૃદય વિશાળ હોય છે. એ સરળ, નિષ્કપટ, નિખાલસ, ઈમાનદાર અને ખુલ્લા મનની હોય છે. આ વાત થઈ 'જો'ની. હવે 'તો' પર આવીએ. જો હૃદય ઉદાર, તો ચરિત્ર સુંદર. 'ચરિત્ર'નો અર્થ છે - વર્તન-વ્યવહાર, આચરણ, સ્વભાવ, ચાલ ચલન.. એટલે કે ઉદારાત્માનાં વાણીવર્તન ઉમદા હોય છે. છળ-પ્રપંચ કરનારનું વર્તન અભદ્ર હોઈ શકે, પણ જે સરળ અને નિખાલસ છે, એના વર્તનમાં પારદર્શક સૌજન્ય જ હોય, ગાંધીજીના જીવનનો એક પ્રસંગ છે. મુંબઈમાં ગાંધીજીનો જ્યાં ઉતારો હતો ત્યાં કાકા કાલેલકર મદદમાં રોકાયા હતા. ગાંધીજી બેસવાની ગાદીની આસપાસ અને મેજ નીચે કંઈક શોધતા હતા. કાલેલકરે પૂછ્યું, તો કહે, 'પેન્સિલ ક્યાંય જડતી નથી.' ગાંધીજીની બેચેની દૂર કરવા કાલેલકરે પોતાના ખિસ્સામાંથી પેન્સિલ કાઢી અને ગાંધીજીને આપી, પણ ગાંધીજીએ ના લીધી, એમણે કહ્યું, 'પેન્સિલ કેવી હતી, એ વાત મહત્ત્વની નથી. ભલે સાવ નાની હતી, પણ કોણે આપી હતી, એ મહત્ત્વનું છે. એ ખોવાવી ન જોઈએ. મદ્રાસ (તામિલનાડુ)માં નટેસનના પુત્રે મને એ આપી હતી, કેટલા ભાવથી !' કાલેલકર સમજી ગયા કે નાના બાળકના ઉમંગનું, આનંદનું બાપુના વિશાળ હૃદયમાં ઊંચું સ્થાન હતું.

ત્રીજા ક્રમમાં 'સામંજસ્ય'નું નિરૂપણ છે. જો ચરિત્ર સારું હશે તો ઘરમાં સામંજસ્ય હશે. 'સામંજસ્ય' એટલે પરસ્પરના સંબંધો સુમેળભર્યા હોવા તે. બધા વચ્ચે સંપ હોય, એકમતી હોય, સંવાદિતાપૂર્ણ સાહચર્ય હોય, એવા ઘરમાં સામંજસ્ય પ્રવર્તે છે એમ કહેવાય. 'ઘર' એટલે માત્ર ચાર દીવાલ અને છત નીચે રહેતી થોડીક વ્યક્તિઓ નહિ, પણ વ્યાપક અર્થ લેવાનો છે. પડોશ, સમુદાય, ગામ વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે.
ચોથા ક્રમે આવે છે રાષ્ટ્રની સુશૃંખલા. જો ઘર, સમાજ, ગામ અને વિશાળ રાજ્યમાં પારસ્પરિક એકતા હશે તો સમગ્ર રાષ્ટ્ર સુશૃંખલિત હશે. જેમ શૃંખલા (સાંકળ)ની કડીઓ એકબીજાથી બંધાયેલી હોય છે, એમ સામંજસ્યની સ્થિતિ રાષ્ટ્રની પ્રજાને સુસંકલિત રાખશે. એમની વચ્ચે અતુટ એકતા હશે. આપણે જોયું છે કે જ્યારે જ્યારે કોમ, જાતિ, ભાષા વગેરેના આધારે સમાજમાં ભેદભાવનું વાતાવરણ ઊભું થયું છે, ત્યારે દેશની એકતા ખંડિત થઈ છે. શ્લોકમાં 'સુશૃંખલમ્' શબ્દપ્રયોગ છે, જે સૂચક છે. જેવી તેવી ઉપરછલ્લી 'શૃખંલા' નહિ, પણ 'સુશૃંખલા' - સારી સાચુકલી શૃંખલા - એવો અર્થ અભિપ્રેત છે.
છેલ્લે પાંચમા ક્રમે શ્લોક આપણને વિશ્વશાંતિના બિંદુ પર લઈ આવે છે. પ્રજા ઊંચી ભાવનાથી એકસૂત્રમાં બંધાયેલી હશે તો રાષ્ટ્ર સર્વ રીતે સુખી અને સંતુષ્ટ હશે. એ બીજા રાષ્ટ્ર પ્રત્યે દ્વેષ નહિ રાખે, એની સાથે સંઘર્ષમાં નહિ ઊતરે. પરિણામે પૃથ્વી પર સર્વત્ર શાંતિ નજરે પડશે. શ્લોકરચયિતા 'ધ્રુવમ્' શબ્દ બુદ્ધિપૂર્વક પ્રયોજે છે. ખાતરીપૂર્વક એમનું કહેવું છે કે પૃથ્વી પર શાંતિ 'નિશ્ચિત' (ધ્રુવમ્) હશે. એમાં કોઈ શક નથી.

- શાંતિલાલ ગઢિયા




મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે
દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

ધનલક્ષ્મી સ્ટોર્સ

ઇમિટેશન • કોસ્મેટિક્સ • હોઝિયરી
• બેંગલ્સ - બિંદી અને બ્રા - પેન્ટી



૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩. ફોન : (ઓ.) ૨૭૪૭૮૧૮૯

ભુપેન્દ્રભાઈ બારભાયા
ફોન : ૨૬૮૫૨૫૪૬ મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
ફોન : ૨૬૮૫૪૧૬૦ મો. : ૯૪૨૬૫૭૭૨૧૮




માતા-પિતાનો સ્વભાવ બરાબર નથી એ નંબર બે માં છે,
પણ તેઓ મા-બાપ છે તે નંબર એક માં છે.

# વિચાર વિથિકા

- દેવેશ મહેતા

ભગવાન બુદ્ધે કહ્યું - જીવન ક્ષણભંગુર હોવાથી આત્મકલ્યાણના કાર્યમાં એક પળનોય વિલંબ ન કરવો જોઈએ !

વાહિય નામનો એક શ્રીમંત સન્માનનીય સદ્‌ગૃહસ્થ સુપ્પારક ક્ષેત્રથી પગપાળા ચાલીને ભગવાન બુદ્ધને મળવા જેતવન આવી પહોંચ્યો. ત્યાં આવીને એણે એક ભિક્ષુને પૂછ્યું : 'હું સુપ્પારક ક્ષેત્રથી ભગવાન બુદ્ધના દર્શન માટે આવ્યો છું. મારે તથાગત પાસેથી કેટલીક શંકાઓનું સમાધાન પણ પ્રાપ્ત કરવું છે. હું ખાસ એ હેતુથી જ આવ્યો છું. તમે મને કહી શકશો કે હું એમના દર્શન ક્યાં કરી શકીશ ?' ભિક્ષુએ પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'ભગવાન બુદ્ધ ભિક્ષા પ્રાપ્તિ માટે જનપદ ગયેલા છે. તે પાછા ફરે ત્યાં સુધી તમે પ્રતિક્ષા કરો. તમે દૂરથી આવ્યા છો તો થાકી પણ ગયા હશો તો એટલી વાર સુધી વિશ્રામ કરી લો.'

વાહિયા ધનવાન હોવા છતાં સરળ, સંયમી અને અપરિગ્રહી હતા. ગૃહસ્થી હોવા છતાં તપસ્વીથી કમ નહોતા. જેનામાં આળસનું નામોનિશાન નહીં તે જનપદમાં લોકોની વસ્તી વચ્ચે ભગવાન બુદ્ધને શોધવા નીકળી પડ્યો. શોધતાં શોધતાં તે એક સામાન્ય વ્યક્તિના ઘર પાસે આવી પહોંચ્યો. જેના દરવાજે ભગવાન બુદ્ધ હાથમાં ભિક્ષાપાત્ર લઈને ઊભા હતા. 'ભિક્ષાન્ દેહિ !'ની ટહેલ તો મારી હતી અને ગૃહિણી અંદરથી ભિક્ષા લઈને આવે તેની રાહ જોતા હતા એવું લાગતું હતું. વાહિય એમની પાસે પહોંચી એમના ચરણમાં પડી ગયો અને કહેવા લાગ્યો - 'હું આપના દર્શનાર્થે સુપ્પારકથી આવ્યો છું. મારા મનમાં ત્રણ-ચાર શંકાઓ છે એનું સમાધાન કરવા માંગુ છું. આપ મને ઉપદેશ આપો.' ભગવાન બુદ્ધે કહ્યું : 'આ ઉપદેશનો સમય નથી. ભિક્ષાનો સમય છે. થોડીવારકમાં જ હું ભિક્ષા લઈને જેતવન જઈ રહ્યો છું. તમારી શંકાઓનું નિવારણ હું ત્યાં કરીશ.'

આ સાંભળી વાહિયે ભગવાન બુદ્ધને કહ્યું - 'પણ ભગવન્ ! જીવન તો ક્ષણભંગુર છે. કમળના પાંદડા પર પડેલા પાણીના ટીપાની જેમ તરત જ વહી જાય તેવું છે ને ? એક પળ પછી શું થવાનું છે તેની કોઈને ય ક્યાં ખબર છે ? જે શ્વાસ લીધો તે આપણો એ છોડ્યા પછી બીજો શ્વાસ લેવાશે કે કેમ તે કોઈ જાણી શકે એમ છે ? આપ તો પરમ જ્ઞાની છો એટલે આ બધું જાણો જ છો. તેથી મને અત્યારે જ ઉપદેશ આપો એવી વિજ્ઞપ્તિ કરું છું.'

બુદ્ધે વાહિયની ઉત્કંઠાને હજુ વધારે ચકાસવા માંગતા હતા એટલે તેમણે પોતાની વાતનું ફરીથી વધારે પુનરાવર્તન કર્યું - 'તું જોઈ રહ્યો છે કે અત્યારે હું ભિક્ષા ગ્રહણ કરવા ઉભેલો છું. ગૃહિણી ભિક્ષા લઈને આવવાની તૈયારીમાં છે - આ સમય અને સ્થળ ઉપદેશ માટે જરા ય યોગ્ય નથી.'

વાહિય ઉપદેશ ગ્રહણ કરવા અત્યંત આતુર હતો. જેમ ચાતક વર્ષાનું જળ પીવા વાદળ સામે ટકટકી લગાવીને બેઠું હોય એમ વાહિય ભગવાન બુદ્ધના ઉપદેશની રાહ જોતો હતો. તેણે ભગવાન બુદ્ધને કહ્યું - 'હે ભગવન્ ! જ્ઞાન ગ્રહણ કરવા વ્યક્તિએ પ્રત્યેક પળે તૈયાર રહેવું જોઈએ. મનમાં જે પળે જાણવાની ઇચ્છા ઉદ્‌ભવે તે પળે તે જાણી લેવું જોઈએ હૃદયમાં શંકા લઈને ફરવું સારું નહીં. શંકા જાગે તો તરત તેનું સમાધાન કરી લેવું જોઈએ !'

આ સાંભળી ભગવાન બુદ્ધે માર્મિક અને મંદ સ્મિત કર્યું અને તેને કહેવા લાગ્યા - 'તારી વાત બિલકુલ સાચી છે. જ્ઞાન ગ્રહણ કરવાની જેમ જ્ઞાન આપવાનો પણ કોઈ નિયત સમય હોઈ ન શકે. ધર્મનું કાર્ય, આત્મ-કલ્યાણનું કાર્ય ભવિષ્ય પર ટાળવું યોગ્ય નથી એ આજે અને અત્યારે જ કરી લેવાની ભાવના રાખવી જોઈએ. સારું કામ કરવા માટે કોઈ સમય ખરાબ નથી. હું તો તારી નિષ્ઠાની કસોટી કરી રહ્યો હતો.'

ભગવાન બુદ્ધે તેની શંકાઓનું સમાધાન કર્યું અને તેને આત્મસુખની ઉપલબ્ધિનો સમ્યક્ માર્ગ બતાવ્યો. વાહિય અત્યંત પ્રસન્ન અને ધન્ય બનીને ભગવાન બુદ્ધના ચરણોમાં પુનઃ પ્રણિપાત કરી ત્યાંથી નીકળી ગયો. ભગવાન બુદ્ધ પણ ભિક્ષા ગ્રહણ કરી જેતવન પાછા આવવા નીકળી ગયા એ થોડે દૂર ગયા હશે ત્યાં જ એક ભિક્ષુએ દોડતા આવીને સમાચાર આપ્યા - 'અરે ભગવન્, ગજબ થઈ ગયો. જે જિજ્ઞાસુ હમણાં તમારી પાસેથી જ્ઞાનોપદેશ ગ્રહણ કરીને ગયો એને એક માતેલા સાંઢે એના શિંગડા પર ભરાવીને એવો ફેંક્યો કે એનું મરણ થઈ ગયું !' ભગવાન બુદ્ધના મુખેથી શબ્દો સરી પડ્યા - 'જો ભિક્ષાના સમયે મેં એની શંકાઓનું સમાધાન ન કર્યું હોત અને તેને ઉપદેશ ન આપ્યો હોત તો તેની ઇચ્છા સદાય માટે અધૂરી રહેત. જીવન ક્ષણભંગુર છે એવી એની વાત એના માટે સાચી પડી હતી.'

ગીરીશભાઈ હકાણી
ગૌરાંગભાઈ હકાણી
(O) : 9825061222
9898661222
9227661222

HAKANI TRANSPORT CO.



કચ્છ, કાઠિયાવાડ તથા ઓલ ઓવર ઇન્ડિયાના ફુલ લોડ ટ્રક માટે

૪, ઓમ એસ્ટેટ, સનાથન ચોકડીથી અસલાલી રોડ ઉપર, વછરાજ હોટલની બાજુમાં, ટેલીફોન ટાવરની સામે, સનાથલ, અમદાવાદ.

(Gandhi & Sons. Excise Consultant)

OJAS SALES

SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE

Dealing in Dyes - Intermediates, E.T.P. Chemicals, Other Chemicals

YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals, G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003

સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા

• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ
• નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ..
તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.

ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી
M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન

સોમ થી શનિ સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦

સુ-૧૮, અક્ષરધામ કોમ્પ્લેક્ષ, પ્રેમચંદનગર પાસે, જજીસ બંગલો રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ. ફોન : ૨૬૭૬૫૮૮૫
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝ્ડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર



બેઈમાન વ્યક્તિ પણ ઈમાનદાર સાથીની ઝંખના કરે છે.

# એન્ગર મેનેજમેન્ટ : ઇનબિલ્ટ એપનો ઉપયોગ અને નિયંત્રણ

રસ્તા ઉપર નીકળીએ અને જો ધ્યાનથી જોઈ શકીએ, જોવાનો સમય અને તૈયારી હોય તો સમજાય કે લગભગ દરેક માણસના ચહેરા પર સ્ટ્રેસ, તણાવ જોવા મળે છે. સ્મિત કે આનંદ સાથે દિવસ શરૂ કરતા અને પૂરો કરતા લોકોની સંખ્યા ધીમે ધીમે ઓછી થવા લાગી છે. આંખ ખૂલે ત્યારથી જ કેટલા કામ બાકી છે અને આજે કેટલા પૂરા કરવા જ પડશે એના ભર હેઠળ શરૂ થતો દિવસ માનસિક રીતે અસ્વસ્થ કરી નાખનારો હોય છે. આપણે બધા અજાણતાં જ એક એવા જગતમાં પ્રવેશી રહ્યા છીએ જેમાં શાંતિ ઘટતી જાય છે અને મૂંઝારો વધતો જાય છે. એક અજબ અકળામણ આપણી જિંદગીના હિસ્સા તરીકે આપણી ભીતર ઇનબિલ્ટ એપની જેમ જોડાઈ ગઈ છે. લગભગ દરેક માટે આર્થિક મુશ્કેલી જિંદગીનો પર્યાય બની ગઈ છે. મુકેશ અંબાણીને હજારો કરોડના મેનેજમેન્ટની ચિંતા છે તો હાથલારી ચલાવનાર કે રોજનું કડિયાકામ કરનાર માણસને રોજિંદા જીવનમાં નિયમિત આવકનો પ્રશ્ન છે. સંબંધો પણ એટલા જ ગૂંચવાયેલા અને મુશ્કેલ બનતા જાય છે, ????? આપણને ગુસ્સે કરવાના અનેક કારણો હોય તો પણ જે માણસ શાંતિની પ્રેક્ટિસ કરતો રહે છે એ સમય સાથે પોતાના ગુસ્સાને નિયંત્રણમાં રાખી શકે છે. બીજી વાત પોતાની સાચી લાગણીઓ ઉપર ધ્યાન આપવાની છે, આપણે સામાન્ય રીતે જે અનુભવીએ છીએ તે કહેતાં અચકાઈએ છીએ. સંવેદનશીલતાનો અર્થ વાતે વાતે છંછેડાઈ પડવું કે દુઃખી થવું નથી, સંવેદનશીલતા એટલે બીજાના ઈમોશન્સ પ્રત્યેની આપણી સજાગતા, સમજણ પણ હોવી જોઈએ. આપણે સામાન્ય રીતે આપણી લાગણીઓ પરત્વે બહુ પઝેસિવ હોઈએ છીએ. બીજાને શું થતું હશે, થઈ શકે એ વિશે ધ્યાન આપવાનો આપણને ભાગ્યે જ સમય મળે છે કે એ વિશે આપણે ભાગ્યે જ વિચારીએ છીએ. જ્યારે આપણે આપણી લાગણીઓ સમજવા લાગીએ ત્યારે બાય ડિફોલ્ટ આપણને બીજાની લાગણીઓ પણ સમજાવા લાગે છે. રિઝેક્શન, અધૂરપ, હિંમત કે શક્તિનો અભાવ, દુઃખ, એકલતા, ફ્રસ્ટેશન જેવી લાગણીઓને પોતાના પ્રત્યે પક્ષપાતી થયા વગર જોતા શીખવું એ એન્ગર મેનેજમેન્ટની પહેલી જરૂરિયાત છે. આપણને તકલીફ થાય છે, એ વાત સાચી હોય તો પણ તકલીફ સૌને થાય છે એ વાત જ્યારે સમજાઈ જાય ત્યારે બહાર આવીને નોર્મલ થઈ શકે તેવી થવું પડે. ઓછા નબળા થવાની પ્રેક્ટિસ પાડવી પડે. આ જગતમાં કોઈ વ્યક્તિ સંપૂર્ણપણે સ્થિતિસ્થાપક નથી. પરિસ્થિતિની અસર આપણા ઉપર થાય એ સ્વાભાવિક છે, પરંતુ એ અસરમાંથી કેટલા ઝડપથી બહાર આવી શકીએ એ શીખવાનું છે. નબળા હોવા વિશે નબળાઈ અનુભવવાની જરૂર નથી. જગતનો દરેક માણસ ક્યાંક ને ક્યાંક વિક, નબળો કે વલ્નરેબલ હોય છે, પરંતુ એ નબળાઈને જે વ્યક્તિ મેનેજ કરી શકે, સ્વીકારી શકે અને એમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી શકે એ એન્ગર મેનેજમેન્ટ સારી રીતે કરી શકે. છેલ્લી અને મહત્વની જરૂરિયાત એ છે કે જ્યારે એન્ગર મેનેજમેન્ટ શીખી રહ્યા હોઈએ ત્યારે કોઈ દવાની પરેજી પાળીએ તેમ આપણને ઉશ્કેરે, ચીડવે, ગુસ્સે કરે એવી તમામ પરિસ્થિતિથી શક્ય હોય ત્યાં સુધી દૂર રહેવાનો પ્રયત્ન કરવો. ગુસ્સા ઉપર નિયંત્રણ કરવાની આવડત ન આવે ત્યાં સુધી આપણને ગુસ્સો આવે એવી સ્થિતિને અવોઈડ કરવી જરૂરી છે. જેમ પેટમાં દુઃખતું હોય ત્યારે કઠોળ કે ગેસ કરે તેવી ચીજોથી દૂર રહેવાનું કહેવામાં આવે, એમ જ સાજા થઈએ ત્યાં સુધી આ પરેજી પાળવી અનિવાર્ય છે, નહીં તો આ થેરાપીની અસર નહીં થાય.

ગુસ્સો, અકળામણ, ચીડ, ઉશ્કેરાટ કે ફ્રસ્ટેશન કોઈ ઇનબિલ્ટ એપની જેમ જન્મ સાથે જ આપણા વ્યક્તિત્વનો હિસ્સો બનીને મળે છે, પરંતુ એ એપ અથવા એ ઇનબિલ્ટ દરેક સંબંધમાં એક બાર્ટર છે. સગવડનું અને સ્વાર્થનું બાર્ટર, જે મોટેભાગે અધૂરું રહે છે. જાહેરખબરથી શરૂ કરીને જિંદગીની રોજિંદી ઘરેડમાં પણ હવે 'હજી વધુ'નો કન્સેપ્ટ એવો ઘૂસી ગયો છે કે જેટલું મળે તે ઓછું જ છે, સૌ માટે. પ્રેમ હોય કે પૈસા બીજા પાસે કેટલા વધારે છે એના ઉપર આપણા અસંતોષનો આધાર રહે છે. અસંતોષી ક્યારેય સુખી કે શાંત હોઈ શકે નહીં એ પણ એટલું જ સ્વાભાવિક છે.

આપણે જે માગીએ કે ધારીએ એ પ્રમાણે ન થાય એટલે ફ્રસ્ટેશન આવે. આ ફ્રસ્ટેશન આપણા જીવનનો અભિન્ન હિસ્સો બની ગયું છે. જ્યારે માણસનું ધાર્યું નથી થતું ત્યારે સૌથી પહેલી લાગણી ક્રોધની છે. કુદરત હોય કે બીજી વ્યક્તિ, નસીબ હોય કે ઈશ્વર બધું આપણા ધાર્યા પ્રમાણે ચાલવું જોઈએ, માગ્યા પ્રમાણે મળવું જોઈએ, નહીં તો આપણો ગુસ્સો આપણા કંટ્રોલમાંથી બહાર નીકળી જાય છે. ઘણા સમય પહેલાં એક જાણીતા ગુજરાતી લેખકે 'મેનેજમેન્ટ' ટાઈટલ હેઠળ સંબોધનો અને સ્વયંના મેનેજમેન્ટ માટે એક આખી સિરીઝ લખી હતી. આ સિરીઝ ખૂબ લોકપ્રિય પણ થઈ હતી. છેલ્લા થોડા સમયથી સેલ્ફ ઇમ્પ્રૂવમેન્ટ અને સેલ્ફ મેનેજમેન્ટના પુસ્તકો વધુ વેચાતાં અને વંચાતા થયા છે, આનું કારણ કદાચ એ છે કે આપણને સ્વયંને સંભાળવા કે સુધારવા માટે હવે બીજા માણસની જરૂર પડવા માંડી છે. કોઈ બહારથી આવીને મોટિવેશનલ લેક્ચર આપે કે આપણને પોતાની જ જાત સાથે કેવી રીતે વર્તવું એ શીખવે ત્યારે થોડી નવાઈ લાગે ને થોડું હાસ્યાસ્પદ પણ ! આપણી ભીતર શું ચાલી રહ્યું છે એ જો આપણને જ ન સમજાતું હોય તો બીજા માણસને કેવી રીતે સમજાય ? સાયકોલોજિસ્ટ કે કોઈ પ્રોફેશનલ વ્યક્તિ આપણને જીપીએસ આપી શકે, પરંતુ ડ્રાઈવિંગ કે પ્રવાસ તો આપણે જ કરવો પડે. આ સેલ્ફ હેલ્પ, ઇમ્પ્રૂવમેન્ટ કે મોટિવેશનનાં પુસ્તકો વાંચતા લોકો એમાંથી કશું શીખતા નહીં હોય ? જો શીખતા હોત તો સમાજમાં અકળામણ, અશાંતિ અને ગુસ્સો આટલી ઝડપે ન વધતાં હોત.

'સેલ્ફ હેલ્પના પુસ્તકો મદદ કરે છે કદાચ, પરંતુ એ પુસ્તકોમાં આપેલી પદ્ધતિ અને પ્રવૃત્તિને આપણા જીવનનો હિસ્સો બનાવવી પડે છે. માત્ર વાંચી લેવાથી જિંદગી સુધરી જતી હોત તો આ જગતમાં કોઈ દુઃખી કે અશાંત ન હોત !' આ એક પુસ્તકની પ્રસ્તાવનામાં લખાયેલું વાક્ય છે. ગ્લેન આર. શિરેલ્ડી અને મલિસા હોલમાર્ક કેર નામના બે લેખકોએ એક પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ છે 'એન્ગર મેનેજમેન્ટ સોર્સ બુક.' એ પુસ્તકમાં પોતાના ગુસ્સાને ઓળખવાની, એની સાથે મિત્રતા કરી એને સંભાળીને નાથી લેવાની રીત બતાવવામાં આવી છે. આ પુસ્તક એટલા માટે રસપ્રદ છે કે એની શરૂઆત એરિસ્ટોટલના એક વાક્યથી થાય છે, 'ગુસ્સે કોઈ પણ થઈ શકે, એ તો સાવ સરળ છે, પરંતુ સાચા માણસ સાથે સાચા પ્રમાણમાં, સાચા સમયે, સાચા કારણસર અને સાચી રીતે ગુસ્સે થવું સરળ નથી.'

આ બંને લેખકોએ ગુસ્સાની સાથે ડીલ કરવાની રીત બતાવી છે. જેમાં એક વાત નોંધાવાલાયક છે. એમણે ગુસ્સાના ફાયદા અને ગેરફાયદા વર્ણવ્યા છે. ગુસ્સો સાવ નકામો કે બેકાર બાબત નથી કહીને એમણે એક પ્રશ્નોત્તરી આપણી સામે મૂકી આપી છે. એમણે ગુસ્સાને રેટ કરવાની રીત બતાવી છે. ફૂટપટ્ટીની જેમ એમણે ઝીરોથી સો સુધી ડિગ્રીકલ માર્કિંગની પદ્ધતિ આપી છે. જેમ કોઈ શિક્ષક પોતાના વિદ્યાર્થીના પરફોર્મન્સ માટે એને માર્ક આપે એવી રીતે આ ફૂટપટ્ટી ઉપર આપણે જ આપણી જાતને ગોઠવવાની છે. ઝીરોથી પચીસ ઓછામાં ઓછો કંટ્રોલ, પચીસથી પચાસ મોડરેટ અથવા સામાન્ય કંટ્રોલ, પચાસથી પંચોતેર સબસ્ટેન્શિયલ અથવા સારો કહી શકાય તેવો કંટ્રોલ અને પંચોતેરથી સો એટલે પોતાના ક્રોધ પર સંપૂર્ણ નિયંત્રણ. દરેક પ્રસંગે આ ફૂટપટ્ટીને આપણે આપણી સામે મૂકીને જોવાની છે. કોઈ બીજું આપણને જજ ન કરે. ગુસ્સાનો પ્રસંગ વીતી ગયા પછી જાતે જ નક્કી કરવાનું કે આપણામાં કેટલો ફેરફાર આવ્યો છે !

એમણે કેટલીક સરસ અને સરળ રીત બતાવી છે. એમણે કહ્યું છે કે, શાંતિ માટે વિદ્યાર્થી બનવું પડે. શાંતિ ભીતર છે એવું આપણા શાસ્ત્રો કહે છે, પરંતુ અહીં આ સાયકોલોજિસ્ટ કહે છે, શાંતિ માત્ર અભ્યાસથી અથવા શીખવાથી આવે. આપણી તકલીફ પ્રમાણમાં ઓછી લાગવા માંડે છે અથવા એ તકલીફ સાથે જિંદગી જીવવાની સરળ રીતો શોધતા આવડવા લાગે છે. ત્રીજી મહત્વની વાત છે, આપણે વધુ રેઝિલેન્ટ (સ્થિતિસ્થાપક કોઈ પણ પરિસ્થિતિમાંથી તત્વને આપણા ઉપર હાવી ન થવા દેવાનું આપણા હાથમાં છે. એન્ગર મેનેજમેન્ટ થઈ શકે છે, શીખી શકાય છે અને આવડી ગયા પછીના સંબંધો અને સ્વયં સાથેનો સંવાદ અદ્દભુત હોય છે !)



સેવાભાવ આવશે એટલે સમર્પણ ભાવ પ્રગટશે,
સમર્પણ ભાવ આવશે એટલે ભગવત પ્રિતીનો પ્રાદુર્ભાવ થશે.

## સાચી પ્રાર્થના કોને કહેવી ?

न अल्फाजे-हम्वो-सना जानता हूं,
न दिलचस्प तर्जे-अदा जानता हूं
मेरी बंदगी है उसीमें कि तुझको,
ख़ुदा मानता हूं, ख़ुदा जानता हूं.
- अकबर हैदरी

(મને પ્રાર્થનાના શબ્દોની ખબર નથી અને પ્રશંસા કેમ કરવી તે હું જાણતો નથી. રજૂઆતની રીત પણ આવડતી નથી. હું તો માત્ર એટલું જાણું છું કે તું ખુદા છે.)

ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા કરનારના જીવનમાં ક્યારેક કોઈ ક્ષણ જરૂર એવી આવી જાય છે, જ્યારે તે આસ્તિક બની જાય છે. કુદરતે માણસને સંપૂર્ણતા બક્ષી નથી. એનામાં એણે અધૂરપ રહેવા દીધી છે. આ મર્યાદાને સ્વીકારી ચાલનારાને આપણે આસ્તિક કહીએ છીએ. મર્યાદાઓ સાથે સંપૂર્ણતા તરફની યાત્રા જીવન છે. અપૂર્ણમાંથી સંપૂર્ણને પામવાનું પણ લક્ષ્ય પ્રાર્થના છે. ઈશ્વર એટલે પ્રકૃતિ. તે અખંડ છે, સંપૂર્ણ છે. એનું રટણ-એની બંદગી કરતાં કરતાં પૂર્ણત્વનો-અસીમતાનો ક્ષણિક સાક્ષાત્કાર થવો તે પણ એક દિવ્ય અનુભૂતિ બની રહેતી હોય છે.

પ્રાર્થનામાં શરણાગતિ હોય છે, માંગણી નહીં, તે વિનંતી છે, તકાજો નહીં. પ્રાર્થનાને ભાવ સાથે નિસ્બત છે, કોરા શબ્દો સાથે નહીં. શબ્દોનું પથ્થર જેવું છે. પથ્થરમાં નિશ્ચિત આકાર મળે, શ્રદ્ધા ભળે ત્યારે એમાં ઈશ્વરના દર્શન થાય. શબ્દમાં ભાવ ઉમેરાય એટલે એ પ્રાર્થના બની જાય છે. શબ્દ સીમિત છે, પણ ભાવ અનંત. શબ્દ મનુષ્યે સર્જ્યો, ભાવ પ્રકૃતિની દેણ છે. હૃદયમાંથી ન પ્રગટ્યા હોય તેવા શબ્દો પ્રાર્થનાની ઊંચાઈ પ્રાપ્ત કરી શકતા નથી. ગાંધીજીએ કહ્યું છે, **Prayer needs no speech.**

સમુદ્ર ઊછળે છે. એના જળરાશિમાંથી છૂટું પડેલું બિંદુ તે જીવ. બિંદુ સમુદ્રમાંથી અલગ થઈ ફરી સમુદ્રમાં સમાઈ જાય છે. છૂટા થઈ ફરી ભળી જવા વચ્ચેનો ગાળો તે જીવન. બિંદુમાં સમુદ્ર હોય જ છે પણ ક્ષણ બે ક્ષણ માટે એ પૃથક્ ભાસે છે. બિંદુનું વલણ સમુદ્રમાં એકરૂપ થઈ જવાનું હોય છે. આ વલણ તે જ પ્રાર્થના.

ઉપરવાળા સામે હૃદયના તાર જોડાય છે ત્યારે માણસનો 'સ્વ' ભૂલાઈ-ભૂંસાઈ જાય છે. પોતે ક્યાં છે - શું છે તે વિશે પણ એ બેખબર બની જાય છે. આ બેખબર બનવાની ક્ષણો તે પ્રાર્થના. મંદિર-મસ્જિદમાં ન હોઈએ ત્યારે આવી બેખબર બનવાની ક્ષણો અનાયાસે સર્જાતી હોય છે. કોઈ અજ્ઞાન શાયરનો શેર છે, आदम को ख़ुदा मत कहो, आदम ख़ुदा नहीं, लेकिन ख़ुदा के नूर से आदम जुदा नहीं ।

પ્રાર્થના બધા કરે છે પણ ખુદા સાથે કોઈકનો જ તાર જોડાય છે એનું કારણ એટલું કે ઘણુંખરું પ્રાર્થનામાં કોઈ માંગણી હોય છે અથવા તો એ હાથ જોડવા અને મસ્તક નમાવવા પૂરતી યાંત્રિક પ્રક્રિયા બની જતી હોય છે. યાસ યગાના ચંગેજીનો એક શેર છે, सजदा वो क्या के सर करे झुककर उठा लिया, बन्दा वो है जो बन्दा हो, बन्दानुमा न हो (આ તે કેવી પ્રાર્થના કે માથું નમાવી ઉઠાવી લીધું, સાચો ભક્ત છે જે ભક્ત હોવાનો દેખાવ ન કરે.)

ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.
PRAVINBHAI J. BARBHAYA : 9427907933
VIRANG : 9825010919 BRIJESH : 9016450264
VIRANG ENTERPRISE
TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA
BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS
STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS
SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

M. : 9327565858
Nilesh Z. Shah
B.Com., LL.B. & D.C.P.
GST, SALES TAX, INCOME TAX, PROJECT & COMPUTER ACCOUNT CONSULTANT
503, Jivabhai Tower, Near Chanakya Tower, Opp. Laad Society, Bodakdev-Vastrapur, Ahmedabad - 380 015. Phone : 079-26765248
E-mail : nilesh_shah503@yahoo.co.in


વરસાદ માંગ્યા વગર વરસે છે,
તેમ સજ્જનો માંગ્યા વગર સંપત્તિનો સદ્ઉપયોગ કરે છે.

# AAYOG SURGICAL HOSPITAL

## Dr. Shail Sanghvi

M.B.B.S., M.S., F.M.A.S., F.I.C.S.

612, Swanik Arcade, Pragatinagar to K.K.Nagar Road, Nr. Vardan Tower, Nr. Arjun Homes, Naranpura, Ahmedabad-380 013. | Mobile : +91 96621 76179, +91 99243 64422 | E-mail : shailsanghvi83@yahoo.com

### LAPAROSCOPIC & GENERAL SURGEON
### લેપ્રોસ્કોપિક અને જનરલ સર્જન

**લેપ્રોસ્કોપિક - એન્ડોસ્કોપિક સર્જરી**

- એપેન્ડીકસ, પિતાશયની સર્જરી
- સારણગાંઠ - સર્જરી
- પેટના દર્દોનું એન્ડોસ્કોપિક નિદાન

**એન્ડોયુરોલોજી સર્જરી**

(દૂરબીનથી સારવાર) :

- કીડની, પેશાબની નળીની પથરીની દૂરબીનથી (વાઢ કાપ વગર) સારવાર
- પ્રોસ્ટેટની લેસરથી સર્જરી

**જનરલ સર્જરી**

- હરસ, મસા, ભંગદરની સ્ટેપલર (વાઢ કાપ વગર) તથા લેસરથી સર્જરી
- થાઈરોઈડ તથા ગળાની ગાંઠની સર્જરી
- સ્વાદુપિંડ, પેટના દર્દોની સારવાર
- લીવરના દર્દોની સારવાર

**કેન્સર સર્જરી**

- થાઈરોઈડ, બ્રેસ્ટ, પ્રોસ્ટેટ કેન્સરની સર્જરી
- આંતરડાં, પેટના તથા અન્ય કેન્સરની સર્જરી
- મોંઢાના તથા જડબાના કેન્સરની સર્જરી

**Attached with SAL, STERLING, CIMS, MEDI SURGE, SAVIOUR**
**Medilink Hospital (Shymal Cross Road)**

A Complete Security & IT Solution Provider

# Infrasoul Techserve Pvt. Ltd.

Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com
HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat




**Associate Companies**

Sanghvi Consultancy | Providing all Types of Insurance Solutions
Sanghvi Infotech Pvt Ltd. | A Complete IT and Networking company

# શું તમે તમારા વજનમાં ઘટાડો કરી સ્વસ્થ અને સુખી જીવનની ઇચ્છા ધરાવો છો ?

શું તમે ડાયેટીંગથી કંટાળી ગયા છો?
શું તમે તમારા વજનથી ચિંતિત છો?
શું તમે એવા કપડા પહેરવા ઇચ્છો છો
જે તમને હાલમાં ફિટ થતા ન હોય?




Nutrition 80%
Exercise 20%

FREE Checkup & Consulting

## ઘરે બેઠા વજન ઘટાડો/વધારો

સલામત અને અસરકારક રીતે ૧ મહિનામાં ૫ કિલો સુધી

અમારું મિશન પોષકતત્વ છે...

સ્વાસ્થ સુધારો
એનર્જી વધારો
વજન નિયંત્રણ

કેવી રીતે અમને પૂછો

NIRAV DESAI : 9979932624
MAYURI DESAI : 9427626224



Milan Shah (Managing Director)
Cell: +91 92272 58500

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

## Webplus INFOTECH

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

WEBPLUS INFOTECH PVT. LTD.
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net



## DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

## રત્નમ્ આંખની હોસ્પિટલ

ફેકો અને લેસર સેન્ટર

ડૉ. જીમીત નરેન્દ્રકુમાર સંઘવી

M.S. (Ophthal) D.O. આંખના સર્જન

સોમવાર થી શનિવાર સમય :
સવારે ૧૧-૦૦ થી ૭-૩૦

૨૦૪, હાશ બિઝનેશ સેન્ટર, અંકુર સ્કૂલની પાસે,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭ ફોન : ૨૬૬૪૨૩૪૭

Visit Us : www.ratnameyehospital.com



: ઉપલબ્ધ સુવિધાઓ :

- ફેકો (Phaco) પદ્ધતિથી મોતિયાના ઓપરેશન (Micro Phaco)
- લેસર મશીનથી આંખના નંબર દૂર કરવાની સુવિધા (Lasik - Carl Zeiss MEL 80)
- કોન્ટેક્ટ લેન્સ ક્લિનીક
- ઝામર (Glaucoma)નું નિદાન, સારવાર તથા ઓપરેશન
- ત્રાંસી આંખ, વેલ, પરવાળાનું ઓપરેશન
- લેસરથી છારી (PCO) કાઢવાની સગવડ
- પડદાને લગતા રોગોનું નિદાન તથા સલાહ કેન્દ્ર
- કોમ્પ્યુટર મશીનથી આંખના નંબરની તપાસ
- આંખને લગતા તમામ રોગોનું નિદાન તથા સારવાર કેન્દ્ર

MEL 80
**World Best Laser Machine *is now available at* RATNAM EYE HOSPITAL**

**મહિનાના પ્રથમ શનિવારે ફક્ત સમાજના સભ્યો માટે મફત તપાસ તથા રાહત દરે સારવાર માટે એપોઈન્ટમેન્ટ લઈને આવવું.**



## વસાણી બેગ મોલ

લેપટોપ બેગ, સ્કૂલબેગ, ઓફિસ બેગ, ટ્રેકીંગ બેગ, લેડીઝ પર્સ, જેન્ટસ વોલેટ, કલ્ચ,લગ્નની આણાની બેગ, NRI બેગ, ટ્રાવેલ બેગ, સેટ નું સ્પેશીયલ ડીસકાઉન્ટ. કોમ્પલીમેન્ટ્રી માટે મોટા ઓર્ડર લેવામાં આવશે.

**(વસાણી ચંદુલાલ ખીમચંદ એન્ડ સન્સ)**

લાટી બજાર, ઝોન નં. ૪, જગન્નાથજી રોડ, સી એનજી. પેટ્રોલ પંપ પાસે, અમદાવાદ-૨૨. ફોન : ૦૭૯-૨૫૩૯૦૪૫૨ (મો.) ૯૭૨૪૪૪૪૪૩.

## M/s Vasani Prakashbhai Chandulal

Timber & Plywood Merchant

ઈમ્પોર્ટેડ • ટીમ્બર પલાયવુડ મરચન્ટ • નાઈઝીરીયન સાગ • ઘાનાટીક

7/A, Sardar Patel, Municipal Market Zone No. 3, B/h. Gitamandir, Ahmedabad-22. M:9327008499 (O) 25327162 (R) 26630010



RERA REGISTERED

## Sale | Purchase | Rent | Lease

- Residential & Commercial Properties
- New/Upcoming Projects
- Plots & Land

PROPERTY NAVIGATORS LLP® — Your Guide for Real Estate —

**Deliver End to End Solutions:**

- Real Estate Advisory
- Marketing & Promotion
- Property Valuation
- Legal Services
- Property Management
- Home Loan

Note: We do not Charge Brokerage on Booking in New Projects.
We Charge 1% Brokerage on Resale Properties.
We Charge 1 Month Rent as Brokerage on Rental Properties.

Follow us on :

Founder: Ankit Shah 7228000115 ankit@propertynavigators.co.in propertynavigators.co.in

# શૌર્ય
## બાળકોની હોસ્પિટલ



**ડૉ. કાજલ શાહ**
એમ.ડી. (પિડિયા.)
M - 98257 93601

**૩૦૧-૩૦૨, શીવાલીક-૫, ઇન્દોર ચાટની ઉપર, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી.**

કન્સલ્ટીંગ સમય - સવારે ૧૧ થી ૨, સાંજે ૭ થી ૮ ઇમરજન્સી સારવાર ૨૪ કલાક



### ઉપલબ્ધ સેવાઓ

**જન્મથી લઇને ૧૫ વર્ષ સુધીના તમામ બાળકોની સારવાર**

❖ **બાળકોને લગતા તમામ રોગોની સારવાર**

મેલેરિયા, ડેન્ગ્યુ, ન્યુમોનિયા, વરાધ, ટાઇફોઇડ, સ્વાઇનફ્લુ, ખેંચ, હૃદય રોગ, વજન ના વધતું હોય, ભૂખ ના લાગવી



❖ **નવજાત શિશુને લગતા રોગો**

❖ અધૂરા મહિને જન્મેલા, ઓછા વજનવાળા

❖ નવજાત શિશુને થતા કમળાની અદ્યતન લાઇટ પદ્ધતિથી સારવાર

❖ જન્મ પછી રડયું ના હોય ❖ બાળક ગંદુ પાણી પી ગયુ હોય



❖ **વેકસીનેશન સેન્ટર**

❖ તમામ પ્રકારની ઉચ્ચતમ કંપનીની અદ્યતન રસી બાળરોગ નિષ્ણાંત (Child Specialist) દ્વારા

❖ વેકસીન આપ્યા પછી બાળકને કોઇપણ પ્રકારની તકલીફ (આડઅસર) ના થાય તે પ્રકારની Vaccination Technique

### શૌર્ય બાળકોની હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવાઓ

અલ્ટ્રા મોડર્ન હોસ્પિટલ with all categories of rooms

- Special Room
- Deluxe Room
- VIP Room
- Premier Room

❖ NICU & ICU

❖ ટ્રેઇન્ડ નર્સીંગ સ્ટાફ તથા મેડીકલ ઓફીસર

❖ લગભગ તમામ કંપનીના મેડિકલેમ તથા કેશલેશની સુવિધા

❖ બાળસખા યોજના અંતર્ગત નવજાત શિશુની તદ્દન ફ્રી સારવાર

Market Touch - 9376038806



# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006
**Ph. 079-26585072, 079-26585092**
E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

Jockey
Barry & Clark
Duke
Sherry
Sweet Dreams
Stori
Red Flame
Paras
Cool Babes

Yash S. Doshi
Ph : 079-26732449
• SPECTACLES
• CONTACT LENSES
• SUNGLASSES

MAHAVIR OPTICALS
BOTADWALA

5, Arbuda Complex, Near Jain Derasar ,Opp. Prasad Tower,
Nehrunagar Circle,Ambwadi, Ahmedabad-380015.
(M) 9033691259 - Email-yashsdoshi@gmail.com

સુખ છે "નીજ"માં સુખ નથી "પર"માં, સર્વ જીવો નીજ સુખ પામે.
જય જિનેન્દ્ર
અરવિંદ સેલ્સ કોર્પોરેશન
હોલસેલ સ્ટેશનર્સ, ગિફ્ટ આર્ટિક્લ્સ,
નવા વર્ષની ડાયરી, ટેલિફોન ડાયરી વગેરે
૧૩, કનક ચેમ્બર્સ, ચંદ્રવિલાસ હોટલ સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૪૩૪૪, ૨૫૩૫૨૬૮૩
મો. : ૯૮૨૫૦ ૧૧૫૦૩, ૯૮૨૪૪ ૧૧૫૦૨; (ઘર) ૨૬૬૫૦૮૬૩, ૨૬૪૦૯૨૩૨
સખીદાસ પરિવારના જય જિનેન્દ્ર

Where Health Thrives
Satva
Physiotherapy & Yoga Centre

ડૉ. નિસર્ગ કોઠારી | 8141402029
(M.P.T. કાર્ડિયોપલ્મોનરી)
ભૂતપૂર્વ ફિઝિયોથેરાપીસ્ટ સ્ટલીંગ અને શેલ્બી હોસ્પીટલ

ડૉ. શિવાની કોઠારી
(B.P.T., DNHE)

ઉપલબ્ધ સારવાર
• ગરદન, ખભા, મણકા અને ઘૂંટણના દુ:ખાવાની અદ્યતન મશીન ધ્વારા સારવાર.
• કોઇપણ ફ્રેક્ચર અને ફ્રેક્ચરના ઓપરેશન પછીની કસરતો
• થાપા અને ઘુંટણના પ્રત્યારોપણ પછીની કસરતો
• રમત-ગમત ધ્વારા થતી ઇજાની સારવાર
• લકવો, સાયટીકા, બેલ્સ પાલ્સીની સારવાર
• પલ્મોનરી રીહેબીલીટેશન (શ્વાસને લગતી) ઓક્સીજન સાથે
• કાર્ડીયાક રીહેબીલીટેશન (હૃદયને લગતી)
• ડાયેટ કાઉન્સીલીંગ
• યોગા

જૈન સમાજના સભ્યો માટે રાહત દરે નિદાન તથા સારવાર.
સમય : સવારે ૯ થી ૧ કલાકે • સાંજે : ૪ થી ૮ કલાકે
૩૧૦, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ચાર રસ્તા પાસે, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫. ફોન નંબર ०૭૯-૨૬૭૬૨૦૨૯




A Place Where People Trust
RAJENDRA A.
JEWELLERS PVT. LTD.
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M
Valid up to 31-12-2020
ફેબ્રુઆરી-૨૦૨૦ પાના નં. ૪૮
R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2018-2020

SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



## ડૉ. અમીર સંઘવી

ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

## અત્યાધુનિક હાઈપરફોર્મન્સ સાંધાઓ સાથે

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઈન્ટમેન્ટ માટે કોલ કરો
**+91 95744 45559**

Shree Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

## KD HOSPITAL

Near Vaishnavdevi Circle, SG Road, Ahmedabad.
Email : shreeorthocare@gmail.com • Website : www.shreeorthocare.com

પ્રેષક : If undelivered to return to
Reg. No. GUJ-314/2018-2020
Valid up to 31-12-2020

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી,